નિકાસકર્તા વેપારીઓ-ઉદ્યોગકારો માટે 'એક્સપોર્ટ અવેરનેસ' માર્ગદર્શક સેમિનારનું આયોજન

જામનગર તા. ૧૯: ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન (ફીઓ) અમદાવાદ તથા જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુક્ત ઉપક્રમે નિકાસ કરતા વ્યાપારીઓ-ઉદ્યોગકારો (નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમોને) માટે એક્સપોર્ટ અવેરનેસ બાબત જામનગર ચેમ્બરમાં એક સેમિનાર આગામી તા. ૨૫-૨-૨૦, મંગળવારના સવારે ૧૧ કલાકથી ૧ સુધી "ધીરૂભાઈ અંબાણી વાણિજ્ય ભવન" જામનગર-રાજકોટ હાઈવે, સુભાષબ્રીજ નજીક, જામનગરમાં યોજવામાં આવ્યો છે. સેમિનાર વિનામૂલ્યે યોજવામાં આવ્યો છે. આ માર્ગદર્શક સેમિનારમાં નિષ્ણાત વક્તા પરેશભાઈ સોલંકી (૧) આયાત-નિકાસ વ્યવસાયમાં વ્યાપારની તકો (૨) સરકાર દ્વારા આયાત-નિકાસ ઉદ્યોગને મળતા લાભો (૩) બાસ નિકાસની આંકડાકીય માહિતી અને અભ્યાસ (૪) આયાત-નિકાસ માટે જરૂરી ડોક્યુમેન્ટસ બાબત (૫) બાસ પાર્ટસ ઉદ્યોગ માટે નિકાસની તકો (૬) લેટર ઓફ ક્રેડીટ અંગે પેમેન્ટની શરતો વિગેરે ઉપર માર્ગદર્શન આપશે. આ સેમિનાર કોર્પોરેટ ક્ષેત્ર, બેન્કર્સ, બિઝનેસ ઓર્ગેનાઈઝેશન, સલાહકારો, કાયદાના એકમોને વિગેરે તથા ચેમ્બરના સભ્યોને ખૂબ જ ઉપયોગી થશે. આ સેમિનારમાં જોઈન્ટ ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ, રાજકોટ કચેરી તરફથી તેમના અધિકારી પણ ઉપસ્થિત રહેશે. સેમિનાર પૂર્ણ થયા પછી ડીનરનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં ઉપસ્થિત રહેવા તા. ૨૧-૨-૨૦૨૦ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. આથી નિકાસ કરતા તમામ એકમો તથા નિકાશ કરવા ઈચ્છતા સહુ કોઈને આ સેમિનારમાં ભાગ લેવા અનુરોધ છે. રજીસ્ટ્રેશન કરાવવા માટે જામનગર ચેમ્બરના કાર્યાલયે સવારે ૧૦.૩૦ થી ૧.૩૦ સુધી બપોર બાદ ૩ થી ૬ કલાક સુધીમાં વહેલીતકે કરાવી લેવા યાદીમાં જણાવાયું છે.

તા. ૧૯/૨/૨૦૨૦ - બુધવાર - સમાચાર

જામનગર ચેમ્બર ખાતે માર્ગદર્શન સેમીનાર

નિષ્ણાંતો દ્વારા સભ્યોને અપાશે માર્ગદર્શન

આજકાલ કાર્યાલય

જામનગર

ફેડરેશન ઓફ ઈન્ડીયન એકસ્પોર્ટ ઓર્ગેનાઈઝેશન (ફીઓ) અમદાવાદ તથા જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુકત ઉપકમે નિકાસ કરતા વ્યાપારીઓ ઉદ્યોગકારો (નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમોને) માટે એકસપોર્ટ અવેરનેશ બાબત જામનગર ચેમ્બર ખાતે એક સેમિનાર આગામી તા.૨૫-૨-૨૦૨૦ મંગળવારના રોજ સવારે ૧૧ કલાકથી ૧ સુધી ધીરુભાઈ અંબાણી વાણિજ્ય ભવન જામનગર રાજકોટ હાઈવે, સુભાષબ્રીજ નજીક, જામનગર સ્થળે આયોજન કરવામાં આવેલ છે. આ સેમિનાર વિનામુલ્યે યોજવામાં આવેલ છે.

આ માર્ગશર્દક સેમિનારમાં નિષ્ણાંત વકતા પરેશભાઈ સોલંકી આયાત નિકાશ વ્યવસાયમાં વ્યાપારની તકો, સરકાર દ્વારા આયાત નિકાસ ઉદ્યોગ માટે નિકાસની તકો લેટર ઓફ ક્રેડીટ અંગે પ્રેમેન્ટની શરતો વિગેરે ઉપર માર્ગદર્શન આપશે. આ સેમિનાર કોર્પોરેટ ક્ષેત્ર, બેન્કર્સ, બીઝનેશ ઓર્ગેનાઈઝેશન, સલાહકારો, કાયદાના એકમોને વિગેરે તથા ચેમ્બરના સભ્યઓને ખુબ જ ઉપયોગી જશે. આ સેમિનારમાં જોઈન્ટ ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ, રાજકોટ કચેરી તરફથી તેમના અધિકારી પણ ઉપસ્થિત રહેશે. સેમિનાર પુર્ણ થયા બાદ ડીનરનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ સસેમિનારમાં ઉપસ્થિત રહેવા તા.૨૧-૨-૨૦૨૦ સુધી રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. આથી નિકાસ કરતા તમામ એકમો તથા નિકાસ કરવા ઈચ્છતા સહુ કોઈને આસેમિનારમાં ભાગ લેવા અનુરોધ છે. રજીસ્ટ્રેશન કરાવવા માટે જામનગર ચેમ્બરના કાર્યાલયે સવારે ૧૦.૩૦ થી ૧.૩૦ સુધી તથા બપોર બાદ ૩ થી ૬ કલાક સુધીમાં વહેલી તકે કરાવી લેવા અપીલ કરાઈ છે.